ક્રમાંક:યોજના/કન્ઝ્યુમર્સક્લબ/૨૦૧૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બહુમાળી ભવન,ભાવનગર.
તા.૦૫/૧૧/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિ.ભાવનગર

વિષય : કન્ઝ્યુમર્સ ક્લબોની સ્થાપના બાબતે
સંદર્ભ :કાનુનીમાપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતોની કચેરી પત્રાંક ગ્રાબા/કન્ઝ્યુક્લબ/૨૦૧૭-૧૮/૮૧૪૧, તા. ૧૬-૧૦-૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
જિ ભાવનગર

બિડાણ- ઉપર મુજબ અને ગાઇડલાઇન

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>
શિક્ષણ નિરિક્ષકશ્રીઓ/મ.શિ.નિ.શ્રીઓ
એસ.વી.એસ. તમામ
સદર કચેરી

Scanned by CamScanner

નં : ગ્રાબા/કન્ઝ્યુ.કલબ/૨૦૧૭-૧૮/ ૬૧૪૨
નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન અને
નિયામક, ગ્રાહક બાબતોની કચેરી,
એમ. એસ. બિલ્ડીંગ, બ્લોક નં. બી.
બીજો માળ, ઘ – રોડ, પથિકાશ્રમ પાસે,
ગાંધીનગર. તા. 16 OCT 2018

વંચાણમાં લીધા : -

(૧) અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : કમવ/૧૦૨૦૧૭/૫૮૮૬૨૫/ડી તા.૧૯/૦૯/૨૦૧૮

(૨) અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો સુધારા ઠરાવ ક્રમાંક : કમવ/૧૦૨૦૧૭/૫૮૮૬૨૫/ડી તા. 03/૧૦/૨૦૧૮.

(3) કન્ઝ્યુમર્સ ક્લબોની સ્થાપના માટે માન્ય મંડળો તરફથી મળેલ દરખાસ્તો.

કાર્યાલય આદેશ ::

રાજ્યનુ યુવાધન ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિમાં જોડાવવા પ્રેરાય અને રાજ્યના ભાવિ નાગરીકોમાં ગ્રાહક જાગૃતિ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ થી ૧૨૦૦ કન્ઝ્યુમર્સ ક્લબો શરૂ કરીને આગામી પાંચ વર્ષમાં દર વર્ષે ૨૦૦ વધુ કન્ઝ્યુમર્સ કલબો વધારતા જઈને, કુલ ૨૦૦૦ કન્ઝ્યુમર્સ ક્લબો સ્થાપવાનો લક્ષ્યાંક છે. જે મુજબ ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦૦૦ કન્ઝ્યુમર્સ ક્લબો સ્થાપવાનો લક્ષ્યાંક છે. તથા આમુખ ક્રમાંક (૧)તથા (૨) ના અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના ઠરાવની જોગવાઈઓ તથા સામેલ પરિશિષ્ટની શરતો મુજબ કામગીરી કરવા કન્ઝ્યુમર્સ ક્લબ દીઠ વાર્ષિક કુલ રૂ. ૫,૦૦૦/- (કન્ઝ્યુમર્સ ક્લબને રૂ. ૪૦૦૦/- તથા સંકલન એજન્સી રૂ. ૧૦૦૦/-) લેખે નાણાકીય સહાય ચુકવવાનુ નક્કી કરાયેલ છે.

સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં આયોજન હેઠળ સમાવેશ કરીને રૂ. ૧ કરોડની બજેટ જોગવાઈ કરેલ છે.

આમુખ ક્રમાંક (૧) તથા (૨) ના ઠરાવોથી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કન્ઝ્યુમર્સ ક્લબની સ્થાપના કરવા માટેના નક્કી કરેલ ધોરણો(નોર્મ્સ) તથા કન્ઝ્યુમર્સ ક્લબની ફાળવણી કરવા અંગેના નક્કી કરેલ ધોરણો(નોર્મ્સ)ની જોગવાઈઓને ધ્યાને લઈ તથા સામેલ પરિશિષ્ટની શરતો મુજબ કામગીરી કરવા વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૩) અનુસાર સંકલન એજન્સીઓ પાસેથી મળેલ સંમતિને ધ્યાને લઈ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે જિલ્લાવાર કન્ઝ્યુમર્સ ક્લબની ફાળવણી(સ્થાપના) કરવા અંગેના તથા આ અંગેની કામગીરી કરવા માટેની સંકલન એજન્સીની નિયુક્તિ કરવા અંગેના આ સાથે સામેલ રાખેલ વિગત પત્રક મુજબ આથી જરૂરી હુકમો કરવામાં આવે છે.

યોજના
શાખા

E:/Cosumer club-2017-18/C.C. – karyalay adesh. docx

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં. ૫૫૮૦
તારીખ ૧૯/૧૦/૧૮

# કન્ઝ્યુમર્સ ક્લબ ફાળવણી વર્ષ - ૨૦૧૮-૧૯ તથા સંકલન એજન્સીની નિયુક્તિની યાદી

| અનુ. નં. | જિલ્લાનુ નામ | કન્ઝ્યુમર્સ ક્લબની ફાળવણી વિગત | | |
|---|---|---|---|---|
| | | ફાળવેલ કન્ઝ્યુમર્સ ક્લબની સંખ્યા | | કામગીરી સોંપેલ સંકલન એજન્સી નું નામ |
| 1 | અમદાવાદ | ૧૨૪ (શહેર)<br>૧૦૩ (ગ્રામ્ય) | (૧) ૧૨૪<br>(૨) ૧૦૩ | ૧. ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી (સી.ઈ.આર.સી.), અમદાવાદ (શહેર માટે)<br>૨. ગ્રાહક બાબતો સંશોધન અને શિક્ષણ કેન્દ્ર, હિંમતનગર (ગ્રામ્ય માટે) |
| 2 | અમરેલી | ૫૭ | (૧) ૧૯<br>(૨) ૧૯<br>(૩) ૧૯ | ૧. લાઠી તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ, દામનગર<br>૨. ગ્રાહક સુરક્ષા મંડળ, સાવરકુંડલા<br>૩. અમરેલી જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, અમરેલી |
| 3 | આણંદ | ૫૯ | ૫૯ | પ્રતિક સમાજ સેવા ટ્રસ્ટ, વલ્લભવિદ્યાનગર |
| 4 | અરવલ્લી | ૪૨ | (૧) ૧૪<br>(૨) ૧૪<br>(૩) ૧૪ | ૧. કન્ઝ્યુમર પ્રોટેકશન એસોસિયેશન, હિંમતનગર<br>૨. ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાંતીજ<br>૩. પરખ સંસ્થા, હિંમતનગર |
| 5 | બનાસકાંઠા | ૧૦૨ | (૧) ૨૬<br>(૨) ૨૬<br>(૩) ૨૫<br>(૪) ૨૫ | ૧. બનાસકાંઠા ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન મંડળ, પાલનપુર<br>૨. શ્રી જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ, ડીસા<br>૩. દાંતીવાડા તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ અને સમાજ સેવા સંઘ દાંતીવાડા<br>૪. શ્રી વડગામ તાલુકા ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, વડગામ |
| 6 | ભરૂચ | ૫૧ | (૧) ૨૬<br>(૨) ૨૫ | ૧. નર્મદા જિલ્લા આદર્શ ગ્રાહક સુરક્ષા મંડળ, રાજપીપળા<br>૨. દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન મંડળ, સુરત |
| 7 | ભાવનગર | ૭૩ | (૧) ૩૭<br>(૨) ૩૬ | ૧. ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ, ભાવનગર<br>૨. શ્રી માનવ સેવા એજ્યુકેશન ચરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શિહોર ગ્રાહક સુરક્ષા મંડળ, શિહોર |

Scanned by CamScanner

| અનુ. નં. | જિલ્લાનુ નામ | કન્ઝ્યુમર્સ ક્લબની ફાળવણી વિગત | | |
|---|---|---|---|---|
| | | ફાળવેલ કન્ઝ્યુમર્સ ક્લબની સંખ્યા | | કામગીરી સોંપેલ સંકલન એજન્સી નું નામ |
| 8 | બોટાદ | ૨૦ | ૨૦ | શ્રી માનવ સેવા એજયુકેશન ચરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શિહોર ગ્રાહક સુરક્ષા મંડળ, શિહોર |
| 9 | છોટા ઉદેપુર | ૨૨ | ૨૨ | ગ્રામોત્કર્ષ અને વિકાસ ટ્રસ્ટ, લુણાવાડા |
| 10 | દાહોદ | ૬૬ | ૬૬ | ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ . |
| 11 | ડાંગ | ૧૦ | (૧) ૫<br>(૨) ૫ | ૧. ડાંગ જિલ્લા ગ્રાહક હિત રક્ષક મંડળ, આહવા,ડાંગ<br>૨. ડાંગ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, આહવા, ડાંગ |
| 12 | દેવભુમિ દ્વારકા | ૨૨ | ૨૨ | રાજકોટ શહેર/ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, રાજકોટ |
| 13 | ગાંધીનગર | ૬૬ | (૧) ૨૨<br>(૨) ૨૨<br>(3) ૨૨ | ૧. ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાતીજ<br>૨. વિસનગર તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ,વિસનગર<br>3. કન્ઝ્યુમર પ્રોટેકશન એસોસિયેશન, હિંમતનગર |
| 14 | ગીર સોમનાથ | ૪૦ | ૪૦ | ગ્રાહક હિત સુરક્ષા મંડળ, કોડીનાર |
| 15 | જામનગર | ૪૮ | ૪૮ | રાજકોટ શહેર/ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, રાજકોટ |
| 16 | જુનાગઢ | ૭૪ | ૭૪ | મેંદરડા તાલુકા ગ્રાહક હિત સુરક્ષા મંડળ,મેંદરડા |
| 17 | ખેડા | ૬૦ | ૬૦ | જાગૃત ગ્રાહક સુરક્ષા અને તાલીમ કેન્દ્ર, નડીયાદ |
| 18 | કચ્છ | ૬૦ | ૬૦ | ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાતીજ |
| 19 | મહીસાગર | ૩૮ | ૩૮ | ગ્રામોત્કર્ષ અને વિકાસ ટ્રસ્ટ, લુણાવાડા |
| 20 | મહેસાણા | ૭૦ | ૭૦ | વિસનગર તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ,વિસનગર |

Scanned by CamScanner

| અનુ. નં. | જિલ્લાનુ નામ | કન્ઝ્યુમર્સ ક્લબની ફાળવણી વિગત | | |
|---|---|---|---|---|
| | | ફાળવેલ કન્ઝ્યુમર્સ ક્લબની સંખ્યા | | કામગીરી સોંપેલ સંકલન એજન્સી નું નામ |
| 21 | મોરબી | ૩૫ | (૧) ૧૮<br>(૨) ૧૭ | ૧. શ્રી જાગૃતિ ગ્રાહક સુરક્ષા મહિલા મંડળ, રાજકોટ<br>૨. રાજકોટ શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, રાજકોટ |
| 22 | નર્મદા | ૧૮ | ૧૮ | નર્મદા જિલ્લા આદર્શ ગ્રાહક સુરક્ષા મંડળ, રાજપીપળા |
| 23 | નવસારી | ૩૮ | ૩૮ | ચીખલી તાલુકા ગ્રાહક સુરક્ષા સંઘ, ખેરગ્રામ, નવસારી |
| 24 | પંચમહાલ | ૫૭ | ૫૭ | ગ્રામોત્કર્ષ અને વિકાસ ટ્રસ્ટ, લુણાવાડા |
| 25 | પાટણ | ૪૫ | (૧) ૧૫<br>(૨) ૧૫<br>(૩) ૧૫ | ૧. ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, સિધ્ધપુર<br>૨. વઢિયાર ગ્રાહક સુરક્ષા સંસોધન & શિક્ષણ કેન્દ્ર, કુંવારદ, શંખેશ્વર, પાટણ<br>૩. જાગૃત ગ્રાહક મંડળ, પાટણ |
| 26 | પોરબંદર | ૧૯ | ૧૯ | મેંદરડા તાલુકા ગ્રાહક હિત સુરક્ષા મંડળ,મેંદરડા |
| 27 | રાજકોટ | ૧૩૯ | (૧) ૪૭<br>(૨) ૪૬<br>(૩) ૪૬ | ૧. રાજકોટ શહેર/જિલ્લા ગ્રાહક મંડળ, રાજકોટ<br>૨. શ્રી જાગૃતિ ગ્રાહક સુરક્ષા મહિલા મંડળ,રાજકોટ<br>૩. ગ્રાહક સુરક્ષા મંડળ, રાજકોટ |
| 28 | સાબરકાંઠા | ૬૩ | (૧) ૨૧<br>(૨) ૨૧<br>(૩) ૨૧ | ૧. કન્ઝ્યુમર પ્રોટેકશન એસોસિયેશન, હિંમતનગર<br>૨. ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાતીજ<br>૩. પરખ સંસ્થા, હિંમતનગર |
| 29 | સુરત | ૧૫૦ | ૧૫૦ | દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન મંડળ, સુરત |
| 30 | સુરેન્દ્રનગર | ૫૫ | ૫૫ | રાજકોટ શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, રાજકોટ |
| 31 | તાપી | ૨૪ | ૨૪ | દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન મંડળ, સુરત |

Scanned by CamScanner

| અનુ. નં. | જિલ્લાનુ નામ | કન્ઝ્યુમર્સ કલબની ફાળવણી વિગત | | |
|---|---|---|---|---|
| | | ફાળવેલ કન્ઝ્યુમર્સ કલબની સંખ્યા | | કામગીરી સોંપેલ સંકલન એજન્સી નું નામ |
| 32 | વડોદરા | ૯૨ | (૧) ૪૬<br>(૨) ૪૬ | ૧. જાગૃત ગ્રાહક, વડોદરા<br>૨. ગ્રાહક સુરક્ષા મંડળ, સાવલી |
| 33 | વલસાડ | ૫૮ | (૧) ૨૯<br>(૨) ૨૯ | ૧. દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન મંડળ, સુરત<br>૨. ચીખલી તાલુકા ગ્રાહક સુરક્ષા સંઘ, ખેરગ્રામ, નવસારી |
| | | ૨૦૦૦ | ૨૦૦૦ | |

નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન અને
નિયામક , ગ્રાહક સુરક્ષા, ગુ.રા.,
ગાંધીનગર

Scanned by CamScanner

આ અંગે નીચેની શરતોનુ પાલન કરવાનુ રહેશે.

1) નિયુક્ત થયેલ કન્ઝ્યુમર્સ ક્લબની સકલન એજન્સીએ અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના ક્રમાંક : કમવ/૧૦૨૦૧૭/૫૮૮૬૨૫/ડી, તા-૧૯/૦૯/૧૮માં દર્શાવ્યા મુજબ પરિશિષ્ટ – કના પર્ફોર્માંમાં સદર નિયુક્તિના હુકમ મળ્યેથી દિન – ૩માં જરૂરી આધાર-પુરાવા સહિતની વિગતો મોકલવાની રહેશે. (અગાઉ દરખાસ્તો મોકલેલ હોય તો તે રદ ગણાશે. નવેસર થી દરખાસ્તો મોકલી આપવાની રહેશે અને જુની દરખાસ્તો આ કચેરીએ થી પરત મેળવી લેવાની રહેશે.)

2) સ્કુલની પસંદગી નિયત ધારા ધોરણ મુજબ એજન્સી નક્કી કરી તેની સંપૂર્ણ માહિતિ અત્રે મોકલી આપવાની રહેશે. સંકલન એજન્સીને ફાળવવામાં આવેલ કન્ઝ્યુમર્સ ક્લબો શહેર તથા તાલુકા બંને વિસ્તારોમાં ફાળવણી કરવાની રહેશે.
નિયુક્ત થયેલ જે તે કન્ઝ્યુમર્સ ક્લબની સંકલન એજન્સીએ તેઓને ફળવાયેલ જીલ્લા પ્રમાણે સરકાર માન્ય બોર્ડ સાથે જોડાયેલ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઓછા માં ઓછા ૫૦ સભ્યોની કન્ઝ્યુમર્સ ક્લબની સ્થાપના કરવાની રહેશે. વધુ માં આ સાથે સામેલ કન્ઝ્યુમર્સ ક્લબની સ્થાપના બાબતનુ સંમતિપત્ર મુજબ તમામ ઈચ્છુક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાએ જે તે શાળાના અધિકૃત અધિકારીશ્રીની સહી, નામ, હોદ્દો તથા સંસ્થાના સિક્કા તથા સરકાર માન્ય બોર્ડ સાથે જોડાયેલ છે તેના પત્રની પ્રમાણિત નકલ દસ્તાવેજ સાથે તથા અસલ સંમતિપત્ર અત્રે મોકલવાનુ રહેશે.

3) સબંધિત સંકલન એજન્સીએ ઉપર્યુક્ત તમામ વિગતોની પૂર્તતા / ચકાસણી સહ દરખાસ્ત મોકલવાની રહે છે. આ ઉપરાંત અત્રેથી તમામ કન્ઝ્યુમર્સ ક્લબની વિગતોમાં એકસુત્રતા રહે તે માટે શાળાની વિગતો સંકલન એજન્સી દ્વારા નીચેના પર્ફોર્માંમાં મોકલવા સુચના છે.

સંકલન એજન્સીનુ નામઃ -

| ક્રમ | કન્ઝ્યુમર્સ ક્લબની તરીકે જોડાવવા ઈચ્છુક શાળાનુ નામ | સ્થળ | તાલુકો | જિલ્લો | જે તે શાળાની વિગતો નિયત સંમતિ પત્રકમાં સામેલ છે કે કેમ | સરકારની માન્યતાનું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ | કન્ઝ્યુમર્સ ક્લબની તરીકે અગાઉ મંજુર કરાયેલ ક્લબ હોથ તો નિયમિતપણે કામગીરી કરેલ છે તથા વાર્ષિક અહેવાલ મોકલેલ છે કે કેમ ? હા / ના. | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |



Scanned by CamScanner

1) કન્ઝ્યુમર્સ ક્લબની ગ્રાન્ટના હિસાબો અલગ હેડ હેઠળ રાખવાના રહેશે. સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ગાઈડલાઈન મુજબ જ ખર્ચ કરવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈ ખર્ચ કરવામાં આવેલ હશે તો તે વસુલાત કરાવવાને પાત્ર રહેશે. વધુ માં, સંકલન એજન્સીને ગ્રાન્ટ ફાળવાયા બાદ તુરંત જે તે સંકલન એજન્સીએ દિન – ૭માં તેઓના જીલ્લાની કન્ઝ્યુમર્સ ક્લબને કન્ઝ્યુમર્સ ક્લબની શાળાના નામે કન્ઝ્યુમર્સ ક્લબદીઠ રૂ. ૪૦૦૦/- (અંકે રૂ. ચાર હજાર પૂરા/-) રૂ. ૪૦૦૦/- (અંકે રૂ. ચાર હજાર પૂરા/-) ચેકથી આપવા રહેશે અને રૂ. ૧૦૦૦/- વહીવટી ખર્ચ પેટે જે તે સંકલન એજન્સીએ પોતે રાખવાના રહેશે.

2) અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગનો ઠરાવ ક્રમાંક : કમવ/૧૦૨૦૧૭/૫૮૮૬૨૫/ડી તા. ૧૯/૦૯/૨૦૧૮ તથા સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ તા. ૦૩/૧૦/૨૦૧૮. માં જણાવ્યા મુજબની કામગીરીના હેતુસર જ આ ગ્રાન્ટનો વપરાશ કરવાનો રહેશે. અન્ય હેતુસર આ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાશે નહી. તથા જે તે સંકલન એજન્સીએ તેઓના જીલ્લાની કન્ઝ્યુમર્સ ક્લબને કન્ઝ્યુમર્સ ક્લબની શાળાના નામે જેટલી રકમનો ચેક ફાળવેલ હોય અને ખર્ચ કરેલ હોય તેટલી રકમનુ "ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર" મેળવવાનુ રહેશે અને આ તમામ કન્ઝ્યુમર્સ ક્લબની શાળાનુ "ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર" પરથી સંકલિત કરીને જે તે સંકલન એજન્સીએ જેટલો ખર્ચ થયેલ હોય તેટલા ખર્ચનુ જીએફઆર ફોર્મ – ૧૯ એ માં "ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર અત્રેની કચેરીને આપવાનુ રહેશે. આ સહાય મળેથી તા. ૧-૪-૧૮ થી તા. ૩૧-૩-૧૯ સુધી કામગીરી કરવાની રહેશે.

3) દરેક કન્ઝ્યુમર્સ ક્લબ પાસેથી ત્રિમાસિક પ્રગતિ અહેવાલ નિયત નમુનામાં મેળવીને, અત્રેની કચેરીમાં કન્ઝ્યુમર્સ ક્લબવાર સંકલિત કરીને મોકલવાનો રહેશે તથા વાર્ષિક સંકલિત રીપોર્ટ પણ મોકલવાનો રહેશે.

4) દરેક સંકલન એજન્સીએ સરકાર તરફથી આપવામાં આવતી નાણાકીય સહાયમાં પ્રોજેક્ટ ખર્ચ "શાળામાં ગ્રાહક સુરક્ષા સબંધી શિબિર" માં કન્ઝ્યુમર્સ ક્લબમાં ગોઠવેલ કાર્યક્રમોની વિગતો બતાવવાની રહેશે નહી. જેની વિગતો કન્ઝ્યુમર્સ ક્લબના વાર્ષિક અહેવાલમાં અલગ રીતે જણાવવાની રહેશે.

5) આમુખ – (૧)માં દર્શાવેલ ઠરાવોની તમામ શરતો મુજબ કાર્યવાહી કરવાની રહેશે તથા તમામ મંજુર કન્ઝ્યુમર્સ ક્લબને પણ તમામ શરતો મુજબ કાર્યવાહી કરવા સમજુતી કરવાના રહેશે.



Scanned by CamScanner

આ ફાળવવામાં આવેલ કન્ઝ્યુમર્સ ક્લબો તથા સંકલન એજન્સી દ્વારા કરવામાં આવતી કામગીરીની તપાસણી જીલ્લા પુરવઠા અધિકારી/મામલતદારશ્રી/પુરવઠા અને જુ. નિરીક્ષકો /અથવા નિયામક ગ્રા.બા. કચેરી દ્વારા નક્કી કરવામાં આવેલ અધિકારી/કર્મચારી એ કરવાની રહેશે. જેને સંપુર્ણ સાથ અને સહકાર આપવાની રહેશે. જે જિલ્લામાં એક થી વધુ મંડળ સંકલન એજન્સીને કન્ઝ્યુમર્સ ક્લબ ફાળવવામાં આવી હોઈ તેવા કિસ્સામાં સબંધિત એજન્સીઓએ માન્ય મંડળોએ એકબીજાના પરામર્શમાં રહી કંન્ઝ્યુમર્સ ક્લબની સ્થાપના કરવાની રહેશે.

નિયંત્રક,
કાનુનીમાપ વિજ્ઞાન અને
નિયામક, ગ્રાહક બાબતો,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના: જાણ તથા અમલ સારૂ.

1) ઉપર મુજબ માન્ય મંડળો અનુ. નં. ૧ થી ૩૩.
2) સર્વે નાયબ/મદદનિશ નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતો.
3) જીલ્લા પુરવઠા અધિકારી અને ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રી
4) સબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
5) જિલ્લા તિજોરી અધિકારીશ્રી – ગાંધીનગર
6) હિસાબી અધિકારીશ્રી, કાનુનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતો, ગુ. રા., ગાંધીનગર.

નકલ સવિનય રવાના:
પ્રતિ,
સેક્શન અધિકારી શ્રી,(ડી-શાખા)
અન્ન નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતો,
નવા સચિવાલય, ગાંધીનગર.

E:/Cosumer club-2017-18/C.C. – karyalay adesh. docx

Scanned by CamScanner

શાળા કક્ષાએ કન્ઝ્યુમર કલબની સ્થાપના
માટેના ધોરણો (નોર્મસ)

અન્ન ,નાગરીક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: કમવ-૧૦૨૦૧૭ /૫૮૮૬૨૫ /ડી
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૯/૦૯/૨૦૧૮

કન્ઝ્યુમર પ્રોટેકશન એકટ -૧૯૮૬ હેઠળ ગ્રાહક જાગૃતી અને ગ્રાહક શિક્ષણના ભાગ રૂપે કોલેજ કક્ષાએ કન્ઝ્યુમર કલબની સ્થાપના આ ઠરાવમાં દર્શાવેલ નોર્મસ મુજબ કરવાનુ આથી નક્કી કરવામાં આવે છે .ભવિષ્યામાં અન્ય નોર્મસ નક્કી ન થાય ત્યા સુધી આ ઠરાવામાં દર્શાવેલ ઉદેશો ,રચના ,કાર્યો અને નાણાકીય સહાય, અને પરિશિષ્ટ " ક" મુજબ ગ્રાહક કલબની સ્થાપાના અનુદાન માટેની અરજી તથા સંકલન એજન્સી તરીકે જે તે જિલ્લાના માન્ય અને કાર્યરત ગ્રાહક સુરક્ષા મંડળની જવાબદારી મુજબ શાળા કક્ષાએ કન્ઝ્યુમર કલબની સ્થાપના થઇ શકાશે

શાળા કક્ષાએ કન્ઝ્યુમર કલબની સ્થાપના અને અમલીકરણ દરમ્યાન ઉભી થતી વહીવટી મુશ્કેલીઓને ધ્યાને લઇ નિયંત્રક શ્રી કાનુની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી ગ્રાહક બાબતોના તા. ૩૦/૬/૨૦૧૮ ના પત્રની રજુઆત મુજબ શાળા કક્ષાએ કન્ઝુમર કલબની સ્થાપના માટે ઉદેશો ,રચના ,કાર્યો,સંકલન એજન્સીની જવાબદારીઓ ,નાણાકીય સહાય, અરજી ફોર્મની વિગતો રજુ કરી તેને મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે

## કન્ઝ્યુમર કલબની યોજના

### પ્રસ્તાવના -

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, રાજ્યનાં ગ્રાહકોની સુરક્ષા અને કલ્યાણ સાથે સબંધિત વિવિધ બાબતો અંગે કામગીરી કરવા માટેનું ખાતુ છે. ભૂતકાળમાં એણે અનેક પગલાં લીધા છે. જેમ કે કાર્ય-શિબિરો, સેમીનાર, તાલિમ કાર્યક્રમો યોજવા, સ્વૈચ્છિક ગ્રાહક સંગઠનોને સહાય કરવી, દરેક જિલ્લામાં જિલ્લા ગ્રાહક માહિતી કેન્દ્ર ઉભુ કરવું, રાજ્યમાં મજબુત અને વિશાળ પાયા પર ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા ગ્રાહક કલબો ઉભી કરીને સરકાર માન્ય કોલેજો વિદ્યાર્થીઓને વિવિધ ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિઓમાં સાંકળીને એમને ગ્રાહક શિક્ષણ આપવાની અશાલેય અગ્રલક્ષી પધ્ધતિ વિસ્તારવા આ દિશામાં બીજું પગલું ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### ઉદેશો:-

યોજનાના ઉદ્દેશો, ગ્રાહકા સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬માં જોગવાઈ કર્યા પ્રમાણે ગ્રાહકોના અધિકારો અંગે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના, ગ્રાહક સુરક્ષાની ભાંવના બળકોમાં ઉતારીને એમને ગતિશીલ બનાવવાના ગ્રાહકો માં એમના અધીકારોની સુરક્ષા માટે એમની ભૂમિકા અંગે જાણકારી આપવાના અને દેશમાં ગ્રાહક પ્રવૃત્તિ સંગીન બનાવવાનો છે.



Scanned by CamScanner

રચના:-

(૧) ગ્રાહક કલબ, સરકાર માન્ય માન્ય બોર્ડ સાથે જોડાયેલ મિડલ /ઉચ્ચતર માધ્યમિક શાળામાં સ્થાપવાની રહેશે અને ખાસ કરીને જેઓ ગ્રાહકોની સુરક્ષા અને કલ્યાણમાં રસ ધરાવતા હોય અને સમય આપવા તથા આ હેતુ પ્રત્યે નિયમિત ધોરણે પ્રયાસ કરવા ઈચ્છતા ઓછામાં ઓછા ૫૦ સભ્યોની બનેલી રહેશે. ક્લબની પ્રવૃત્તિઓ વિધ્યાર્થીઓની વય-રૂપરેખા પર આધારિત રહેશે.

(૨) જે તે જિલ્લાના કાયમી માન્યતા પ્રાપ્તા અને ૦૨ વર્ષની માન્યતા ધરાવાતા મંડળને સંકલન એજન્સી તરીકે નિમણુક કરવાની રહશે

(3) ૧૦ શાળાએ (૧) કંન્ઝયુમર કલબની સ્થાપ્ના કરવાની રહેશે

(૪) દરેક શાળામાં માત્ર એક જ ગ્રાહક સુરક્ષા ક્લબ રહેશે. ક્લબમાં કેટલા સભ્યો હોઈ શકે એની સંખ્યાની ઉપલી મર્યાદા નથી.

(૫) દરેક ગ્રાહક ક્લબ, સંબંધિત શાળાના સક્રિય શિક્ષકનાં હવાલામાં રહેશે.

કાર્યો:-

દરેક ગ્રાહક ક્લબના અભ્યે નીચેના કાર્યો કરવા અપેક્ષિત છે.

(ક) ગ્રાહ ક્લબની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો

(ખ) ગ્રાહક કલબ મારફત મેળવેલ માહિતીનો પોતાના સાથી વિદ્યાર્થીઓ તેમજ પોતાના સબંધિત વિસ્તારમાં રહેતા લોકોમાં પસાર કરવી.

(ગ) પોતાના સાથી વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને ગતિશીલ બનાવતા, પોતાની સરકાર માન્ય કોલેજમાં તેમજ પોતાના વિસ્તારમાં ગ્રાહક સુરક્ષા કાર્યક્રમો યોજવા તેમાં સક્રિયા ભાગ લેવો.

(ઘ) રાષ્ટ્રીય ગ્રાહક દિવસ (૨૪મી ડિસેમ્બર) અને વિશ્વ ગ્રાહક દિવસ (૧૫મી માર્ચ) વગેરે ઉજવવા. દ્રશ્ય-શ્રાવ્ય સાધનો, પોસ્ટરો, પ્રવચનો વગેરે મારફત ગ્રાહક ક્લબોના સભ્યોને ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક કલ્યાણનું પ્રત્યક્ષ જ્ઞાન આપવામાં આવશે. આ ઉપરાંત, નિદર્શનો અને શેરી નાટકો પણ ગોઠવી શકાશે, ભાષણ/નિબંધ લેખન/પત્રલેખના સ્પર્ધા અને ક્વિઝ કાર્યક્રમો એમને પોતાની મેળે શીખવા મદદ કરશે.

(ચ) સંકલન એજન્સી તરીકેના જિલ્લાના માન્ય અને કાર્યરત ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા કાન્ઝ્યુમર ક્લબને પુર પાડવામાં આવતું સાહિત્ય મુજબ ગ્રાહક ક્લબના સભ્યોને માહિતગાર કરવાના રહેશે.

સંકલન એજન્સીની જવાબદારી (જે તે જિલ્લાના કાયમી માન્યતા પ્રાપ્તા અને ૦૨ વર્ષની માન્યતા ધરાવાતા મંડળ)

સંકલન એજન્સી એટલે જે તે જિલ્લાના માન્ય અને કાર્યરતા ગ્રાહક સુરક્ષા મંડળ કે જે ભૌગોલિક રીતે નજીકના શહેર/જિલ્લાઓમાં ગ્રાહક ક્લબોના જુથ અંગે કામગીરી કરશે. જે નીચેની બાબતો માટે જવાબદાર રહેશે.

(૧) અંગ્રેજી મહિનામાં ઓછામાં ઓછી એકવાર દરેક ગ્રાહક ક્લબની બેઠક બોલાવવી.



Scanned by CamScanner

(૨) આગલા મહિના દરમિયાન ગ્રાહક કલબ દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓની ચર્ચા કરવી અને આગામી મહિનાઓ માટે પ્રવૃત્તિઓની અનુસૂચિ તૈયાર કરવી,

(૩) ગ્રાહક કલબો માટે નિદર્શન અને શેરી નાટકો યોજવા,

(૪)દરેક કલબોને, યોગ્ય સંસાધના સામગ્રી જેવી કે પોસ્ટરો, બેનરો, ચાર્ટ, ચોપાનિયા અને ગ્રાહક સુરક્ષા સંબંધી

સાહિત્ય પુરાં પાડવા,

(૫)દરેક ગ્રાહક કલબોની પ્રવૃત્તિઓ પર દેખરેખ નિયંત્રણ રાખવું,

(૬) દરેક ગ્રાહક કલબના સભ્યો, ગ્રાહક કલબના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે તે સુનિશ્ચિતા કરવા માટે શાળાના સત્તાધિકારીઓ સાથે સંપર્ક રાખવો,

(૭) નજીકની ગ્રાહક કલબોના સમુહ માટે આંતર-કલબ અને જૂથ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ યોજવી,

(૮) ગ્રાહકોની બાબતોના વિભાગને રજૂ કરવા માટે, એણે કામગીરી કરેલ વિવિધ ગ્રાહક કલબો દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ દર વર્ષે તૈયાર કરવો,

(૯) નિયત નમુનાઓમાં ખર્ચના હિસાબો રાખવા અને ઉપયોગ પ્રમાણપત્ર તથા વર્ષના અંતે હિસાબોનુ ખર્ચ પત્રક, નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતો, એમ.એસ.બિલ્ડીંગ , બ્લોક નં .બી,બીજો માળ, ઘ- રોડ, પથિકા આશ્રમ પાસે ગાંધીનગર-૩૮૨૦૧૧ નું રજુ કરવાનું રહેશે.

(૧૦)જે તે જિલ્લાના માન્ય મંડળોને કાર્યક્ષેત્રેના તાલુકાઓને ધ્યાનમાં લઈ સરખે ભાગે કામગીરી સોપવી

(૧૧) જે તે જિલ્લામાં આવેલ મંડળો દ્વારા સંમતી મોકલાવેલ હોય તેવા જ મંડળોને સંકલન એજન્સી તરીકેની કામગીરી સોપવી

(૧૨) જે તે જિલ્લામાં મંડળ ન હોય તો તે જિલ્લા માટે બીજા મંડળ સંમતી આપેલ હોય તો તે મંડળને સંકલન એજન્સી તરીકેની કામગીરી સોપવી

(૧૩) જે તે જિલ્લામાં મંડળ ન હોય અને અન્ય કોઇ મંડળએ સંમતી ન આપેલ હોય તો નજીકના જિલ્લાઓના મંડળને ધ્યાને લઈ તેઓને કામગીરી સોપવી

<u>નાણાંકીય સહાય:</u>

ગ્રાહકોની બાબતોના વિભાગ, ગ્રાહક કલ્યાણ નિધિમાંથી સંકલન એજન્સી તરીકેના જિલ્લાના માન્ય અને કાર્યરત ગ્રાહક સુરક્ષા મંડળને ગ્રાહકકલબ દિઠ વાર્ષિક અગાઉ રૂ .૫૦૦૦/- લેખે નાણાકીય સહાય પુરી પાડશે .સંકલન એજન્સી દ્વારા એણે કામગીરી કરેલ ગ્રાહક કલબો સંબંધી પોતાના ખર્ચને પહોચી વળવા આ રકમના અધિકતમ ૨૦ ટકા જે તે જિલ્લાના માન્ય અને કાર્યરત ગ્રાહક સુરક્ષા મંડળ રાખશે ,બાકીની રકમ દરેક કલબને આપવામાં આવશે

(બ) કન્ઝ્યુમર કલબને ફાળવેલ કુલ રૂ. ૫૦૦૦/--ની ગ્રાન્ટ નીચેના હેતુ માટે વાપરે તેની તકેદારી સંકલન એજન્સી તરીકે કામગીરી કરતા જિલ્લાના માન્ય અને કાર્યરત ગ્રાહક સુરક્ષા મંડળએ રાખવાની રહેશે. આ રૂ. ૪૦૦૦/--ની રકમ સરકાર માન્ય શાળાના દ્વારા બેંકના કન્ઝ્યુમર કલબના હેડે રાખવાનુ રહેશે.



Scanned by CamScanner

( વિગતવાર ખર્ચ સુચી )

| | |
|---|---|
| ૧. સાહિત્ય છપામણી, પોસ્ટર, ચોપાનીયા, બેનરો- | રૂ. ૧૫૦૦/- |
| ૨. પરચુરણ ખર્ચ મીટીંગ નિર્દેશન, નાટકો- | રૂ. ૧૦૦૦/- |
| ૩. ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દિનની ઉજવણી- | રૂ. ૫૦૦/- |
| ૪. ૨૪મી ડીસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી- | રૂ..૫૦૦/- |
| ૫. ચા-નાસ્તા | રૂ. ૫૦૦/- |
| ૬ સંકલન એજન્સી | રૂ ૧૦૦૦/- |
| -કુલ= | રૂ ૫૦૦૦/ - |

ગ્રાહક કલબો સ્થાપવા માટે ગ્રાહક કલ્યાણ નિધિ માંથી અનુદાન માટે અરજી પરિશિષ્ટ –ક મુજબ કરવાની રહેશે

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમાથી અને તેમના નામે

(પ્રકાશ.એન.મહેતા)
સેકશન અધિકારી
અ.ના.પુ અને ગ્રા.બા વિભાગ

બિડાણ:પરીશિષ્ટ- 'ક '

(૧) અંગત મદદનીશ, , અગ્ર સચિવશ્રી અન્ન ,નાગરિક પુરવઠા અને ગ્રા.બાબતોનો વિભાગ

નિયંત્રકશ્રી કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી ,એમ એસ બિલ્ડીંગ, બ્લોક-બી ,ગાંધીનગર

( સંકલન એજન્સી તથા કંન્ઝયુમર કલબોને જાણ કરવાની વિનંતી સાથે )

(૩) એકઉન્ટન્ટ જનરલશ્રી ,અમદાવાદ/ રાજકોટ

(૪) પગાર અને હિસાબ અધિકારીશ્રી ગાંધીનગર

(૫) ઉપ સચિવશ્રી (બજેટ ) ,અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,સચિવાલય, ગાંધીનગર

(૬) નાણા સલાહકારશ્રી અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,સચિવાલય, ગાંધીનગર

(૭) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી

(૮) ના.સે અ .ફાઇલ/ શાખા સીલેકટ ફાઇલ



Scanned by CamScanner

## પરિશિષ્ટ-ક

### શાળા કક્ષાએ ગ્રાહક ક્લબો સ્થાપવા માટે ગ્રાહક કલ્યાણ નિધિમાંથી અનુદાન માટેની અરજી

**અગત્યનુ:-**

મહત્વની કોઈ પણ માહિતી છુપાવ્યા વિના, ખરાઈ કરી શકાય તેવી સાચી પરિસ્થિતિ પર આધારિત માંગેલી સાચી વિગતો રજુ કરીને આ ફોર્મ ભરવા વિનંતી છે. જો મહત્વની માહિતી છુપાવવામાં આવશે તો અધિનિયમ હેઠળ ફરિયાદ માંડવામાં આવશે.

1. અરજદારનુ નામ અને ટપાલનુ સરનામુ:-

2.૦ સ્થાપનાની તારીખ:-

3. (ક) મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ :-
(૧૮૬૦ના ૨૧મા) કે અન્ય કોઈ સબંધિત
અધિનિયમ હેઠળ નોંધાયેલ છે કે કેમ

(ખ) જો હા, તો નોંધણીનો નંબર અને તારીખ: -

4. સરકારમાન્ય બોર્ડ સાથે જોડાયેલ છે કે કેમ:-
(શૈક્ષણિક સંસ્થાઓને લાગે પડવાપાત્ર)

5. વ્યવસ્થાપક સમિતિના સભ્યોના નામ અને
સરનામા પદાધિકારીઓ વ્યવસાય

6. અનુદાન મેળવવા અધિકૃત કરેલ :
અધિકારી(ઓ)નુ નામ અને હોદો

7. ઉભી કરવાની ગ્રાહક કલબોની સંખ્યા:
(કલબો સ્થાપવાની હોય ત્યા સરકાર
માન્ય કોલેજોની વિગતો સાથે).

8. જરૂરી અનુદાનની રકમ:-



Scanned by CamScanner

9. પ્રવૃત્તિઓ પૂરી કરવાના સમયપત્રક :-
સાથે દરેક ગ્રાહક કલ્યાણ હાથ ધરવાની પ્રવૃત્તિઓની વિગતો

10 ગ્રાહકોની બાબતોના વિભાગ પાસેથી કોઇ અનુદાન લીધુ
હોય તો તેવા અનુદાનની વિગતો

11 જોડવાના નીચેના દસ્તાવેજોની નકલો

1 સંગઠનનુ બંધારણ અને ધારાધોરણો

2. વાર્ષિક અહેવાલ અને છેલ્લા ત્રણ વર્ષના હિસાબોનુ પત્રક

3. નોંધણી પ્રમાણપત્રની સાખ કરેલી નકલ

4. સરકાર માન્ય લૉ અને બી.એડ કોલેજો ,વાણીજ્ય કોલેજ ,વિનયન કોલેજ સાથે જોડાણના પત્રની નકલ

(શૈક્ષણિક સંસ્થાઓને)

5. નિયત પ્રફોર્મામાં સોગંદનામુ:-

<u>એકરાર</u>

<u>(અરજદારે અથવા એના અધિકૃત એજન્ટે સહી કરવી)</u>

મેં આપેલ વિગતો સાચી અને ખરી છે. કોઈ મહત્વની બાબત છુપાવી નથી. આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મેં/અમે માર્ગદર્શક સુચનાઓ, યોજનાઓને લાગુ પડતી શરતો વાંચી છે અને અમારા સંગઠન/સંસ્થા વતી બંધાવાની બાંયધરી આપીએ છીએ. જો નાણાકીય સહાય આપવામાં આવશે તો ગ્રાહકોના અધિકારોના પ્રોત્સાહન અને સુરક્ષા માટે જાહેર કરેલા અથવા માનક માર્કા માટે ઉપયોગમાં લેવામાં આવશે. (લાગુ પડતુ ન હોય તે છેકી નાખવુ)

અરજદાર



Scanned by CamScanner

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તા. ૦૩/૧૦/૨૦૧૮

સુધારા યાદી :-

અન્ન,નાગરિક અને ગ્રાહક બાબતોના વિભાગનાં તા. ૧૯/૦૯/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક કમવ-૧૦૨૦૧૭-૫૮૮૬૨૫ -ડી થી ઠરાવની શાળા કક્ષાએ કન્ઝ્યુમર કલબની સ્થાપ્ના માટેના નોર્મસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમા નીચે મુજબ સુધારો હુકમ બહાર પાડવામાં આવે છે

(૧) શાળા,અર્થાત 'માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા એમ વાંચવુ ,કોલેજ શબ્દ રદ ગણવો

(૨) ગ્રાહક કલ્યાણ નિધિ -શબ્દ લખાયેલ છે ત્યાં " રાજ્ય સરકારની ગ્રાન્ટ "શબ્દ વાંચવો

(૩) તા. ૧૯/૦૯/૨૦૧૮ ના સરખા ક્રમાંકના ઠરાવના પરિશિષ્ટ -'ક ' ના મુદ્દા નં -૧૧ ના પેરા ક્રમાંક નં -૪ ની જોગવાઇ રદ કરી નીચે મુજબ વાંચવુ

" માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સરકાર માન્ય બોર્ડ " સાથેના જોડાણ પત્રની નકલ

ઠરાવની અન્ય વિગતો યથાવત રહે છે .

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પ્રકાશ .એન .મહેતા )
સેકશન અધિકારી
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ

પ્રતિ,

નિયંત્રકાશ્રી કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષા એમ.એસ. બિલ્ડીંગ ,બીજો માળ, બી-બ્લોક , ગાંધીનગર (સંકલન એજન્સી તથા કન્ઝ્યુમર કલબોને જાણ કરવાની વિનંતી સાથે )

નકલ રવાના પ્રતિ:-

એકાઉન્ટન્ટ જનરલશ્રી ,અમદાવાદ /રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- ઉપ સચિવશ્રી(બજેટ) અન્ન ,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ.સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી અન્ન ,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ.સચિવાલય, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (સર્વે )
- શાખા સિલેકટ ફાઇલ/ ના.સે.અ ફાઇલ

Scanned by CamScanner